જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦


**તા.૦૧/૦૧/૨૦૨૫ બુધવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## સી.આર.પી.સી.કલમ ૮૨ મુજબ
## આરોપીને કોર્ટમાં હાજર થવાનુ ફરમાનઃ- સમાચાર યાદી નં.૦૧/૨૦૨૫

એલીસબ્રીજ પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૬૩૫/૨૦૧૦ ઇપીકો કલમ ૩૩૨, ૩૩૩,૧૮૬,૨૯૪(ખ), ૪૨૦,૧૧૪ મુજબ તથા સેશન્સ કેસ નં.૧૯૦/૨૦૧૯ મુજબના ગુનાના કામે આરોપી અશ્વિન મહેશકુમાર કેલા (રહે. ૮ ખડાયતા સોસાયટી મીરા ચાર રસ્તા મણીનગર અમદાવાદ શહેર) નાઓ ઉપરોક્ત ગુનાના કામે ફરિયાદનો જવાબ આપવા સારૂ નાસતા-ફરતા હોય નામદાર જજ શ્રી બી.એલ.ચોઈથાણી સાહેબ, અધિકસત્ર ન્યાયાધીશ, કોર્ટ નં.૧૪, સિટી સિવિલ અને સેશન્સ કોર્ટ, લાલ દરવાજા, ભદ્ર, અમદાવાદ શહેર સમક્ષ તા.૦૬/૦૨/૨૦૨૫ ના રોજ હાજર રહેવા ફરમાન કરવામાં આવે છે.

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૦૨/૨૦૨૫

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૯૯ કેસ કરી, ૧૭૬ વ્યક્તિઓને ઝડપી, ૫૩૦ લીટર દેશી દારૂ, ૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૫૧ બિયર ટીન, ૧ ટેમ્પો અને ૨ મોટર સાયકલ કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૭ કેસ કરી ૨૬ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૪૫,૮૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૦૩/૨૦૨૫

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૪૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૧ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ-** **સમાચાર યાદી નં.૦૪/૨૦૨૫**

**રખીયાલઃ** રમેશભાઇ કમલેશભાઇ ચૌધરી (ઉ.વ.૩૨) (રહે. મનહર ડુપ્લેક્ષ તક્ષશીલા સ્કુલ રોડ કેશવ પાર્ક સામે વસ્ત્રાલ) એ તા.૩૧/૧૨/૨૦૨૪ ના રોજ રખીયાલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૦૬/૨૦૨૪ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન રખિયાલ જનક એસ્ટેટમાં શેડ નંબર-૧૩/૧/સી ખાતે ગજાનંદ મેટલ નામના કારખાના ખાતેથી આરોપી આઇનોક્ષ એન્ટર પ્રાઇઝના માલીક દેસાઇ હિતેશભાઇ મોહીતકુમાર (રહે. ખોડલધામ સોસાયટી કઠવાડા રોડ સિંગરવા) રમેશભાઈ ચૌધરીને વિશ્વાસમાં લઇ તેઓની પાસેથી એસ.એસ.સીટોનો માલ ખરીદી કરી બાકી નિકળતા રૂપિયા ૧૭,૪૫,૧૬૫/- તથા સાહેદોના બાકી નિકળતા રૂપિયા ૮૪,૬૬,૮૪૮/- નહી ચુકવી રમેશભાઈ ચૌધરી તેમજ સાહેદો સાથે છેતરપીડીં અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વિ.જે.ગામી ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૦૫/૨૦૨૫**

**દાણીલીમડાઃ** નિલેષ અમરતભાઇ શ્રીમાળી (રહે. જવાહરનગર ઇન્દિરાનગર પાછળ અમરાઇવાડી) એ તા.૩૧/૧૨/૨૦૨૪ ના રોજ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે દાણીલીમડા શિતલ એપાર્ટમેન્ટનાં ધાબા ઉપર લગાવેલ ટાવરમાંથી એરટેલ સિસ્ટમનું AZNA કાર્ડ ફોર-જી કિમત રૂપિયા ૧,૫૦,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.એમ.પ્રણામી ચલાવે છે.

**કાગડાપીઠઃ** રીન્કુબહેન વા/ઓ રવિભાઇ વણોલ (રહે. હંસવિલા સોસાયટી ગોવિંદી તા-ગોધરા જી-પંચમહાલ) એ તા.૩૧/૧૨/૨૦૨૪ ના રોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૧૨/૨૦૨૪ કલાક ૯/૦૦ વાગ્યાના સુમારે ગીતા મંદીર એસ.ટી.બસ સ્ટેન્ડ પ્લેટફોર્મ નંબર-૪ ખાતે બસમાં બેસવા જતા અજાણી વ્યક્તિએ રીન્કુબહેન વણોલના થેલામાંથી નાનુ પર્સ ચોરી કરી લીધી હતી. જે પર્સમાં દાગીના અને રોકડ રૂપિયા ૨૯૦૦/- મળી કુલ રૂપિયા ૯૧,૭૦૦/- મતા હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.આર.બલાત ચલાવે છે.

**અપમૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૦૬/૨૦૨૫**

**બોડકદેવઃ** બોડકદેવ ઝેબર સ્કુલની સામે ખાંચામા શ્રી અનંતા બંગલોઝ સાઈટ ખાતે કામ કરતા અને ત્યા જ રહેતા હરીરામ સ/ઓ ભેરૂરામ યાદવ (ઉ.વ.૨૬) (મુળ વતન. ગામ-ફતેપુર ખુર્દ તા.જી.-કોટ પુતલી રાજસ્થાન) તા.૩૦/૧૨/૨૦૨૪ રાતના ૯/૩૦ વાગ્યાના સુમારે સાઈટના પહેલા માળથી લીપના ખાંચામાં પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને સોલા સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૩૧/૧૨/૨૦૨૪ કલાક ૨/૧૪ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે બોડકદેવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી ભરતભાઇ સકતાભાઈ ચલાવે છે.

**સરખેજઃ** સરખેજ ચોકડી પાસે નવી બનતી ચિરિપાલ હાઉસ નામની સાઈટ ખાતે લેબર કોલોનીમાં રહેતા અને  ત્યા જ કામ કરતા મનદિપકુમાર પુરા ચૌધરી (ઉ.વ.૨૦) (મુળ વતન. ગામ-રબદા પોસ્ટ- હરિનામાડ તા-ચેનપુર જી-પલામું ઝારખંડ) તા.૩૧/૧૨/૨૦૨૪ સવારના ૯/30 વાગ્યાના સુમારે સાઈટ ખાતે ટાવર ક્રેનની સીડી વાટે ટાવર પર ચડતા હતા દરમ્યાન પગ લપસી જતા આશરે ૪૦ ફુટથી નીચે પડતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને સોલા સિવિલ હોસ્પિટલ ખાતે લઇ જતા ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.ઈ.શ્રી એચ.કે.રબારી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૦૭/૨૦૨૫**

**સોલા હાઈકોર્ટઃ** ચાંદલોડીયા ગામ ૠતુરાજ સોસાયટી સામે નિર્માણ ટેનામેન્ટ ખાતે રહેતા મહેશભાઇ બાબુભાઇ રાવળનો સગીર વયના પુત્રએ અગમ્ય કારણસર તા.૩૧/૧૨/૨૦૨૪ બપોરના ૨/૧૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી કે.આર.ચાવડા ચલાવે છે.

**નરોડાઃ** અશ્વતી ડો/ઓ ઉન્નીક્રિષ્ણ નાયર (ઉ.વ.૩૮) (રહે. સારથી રેસીડેન્સી નરોડા) એ અગમ્ય કારણસર તા.૩૧/૧૨/૨૦૨૪ બપોરના ૩/૪૦ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી જી.બી.વિહાત ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી